# જામનગર મહાનગરપાલિકા
# જામનગર

## :: સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ::

| | | |
|---|---|---|
| શહેર વિસ્તાર (શહેર) | : | ૧૩૨.૦ ચો. કિમી. |
| શહેર વસ્તી (શહેર) | : | ૭.૦ લાખ |
| ગાર્બેજ જનરેશન | : | ૨૫૦ મેટ્રીક ટન પ્રતિ દિન |
| શહેર વોર્ડ સંખ્યા | : | ૧૬ |
| મ્યુનિ. સભ્યશ્રી સંખ્યા | : | ૬૪ |
| શહેર સફાઈ વોર્ડ સંખ્યા | : | ૩૨ (સફાઈ વિભાજીત વોર્ડ) |
| સ્લમ વિસ્તાર | : | ૨૮ (પોકેટ) |
| કાયમી સફાઈ કામદાર સેટઅપ | : | ૧૨૦૧ |

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા વર્ક સ્ટાફ

| ક્રમ | હોદો | કામગીરી |
|---|---|---|
| ૧ | **કંટ્રોલીંગ અધિકારી** | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કંટ્રોલીંગ અધિકારી તરીકેની ફરજો |
| ૨ | **બ્રાંચ અધિકારી** | – શાખા ટેકનિકલ તથા વહીવટી સ્ટાફ ઉપર શાખાધિકારી તરીકેની ફરજો<br>– સોલિડ વેસ્ટ શાખાના ચાર ઝોનનું ઓવર ઓલ સુપરવિઝન |
| ૩ | **જુ. એન્જીનીયર** | – શાખાના તમામ ટેકિનિકલ કામો તથા નાયબ ઈજનેરશ્રી સોંપે તે ફરજો |
| ૪ | **જુ. એન્જીનીયર (મિકે.)** | સોલિડ વેસ્ટ શાખા હસ્તક ક×ખ વિભાગના તમામ વાહનોના મેઈનટેન્સન તથા ડ્રીસ્ટ્રીબ્યુશન કામગીરી તથા નાયબ ઈજનેરશ્રી સોંપે તે ફરજો |
| ૫ | **અધિક મદદનીશ ઈજનેર** | ડોર ટુ ડોર ગાર્બેજ કલેકેશન તથા કામગીરી તથા નાયબ ઈજનેરશ્રી સોંપે તે ફરજો |
| ૬ | **વર્ક આસી. ઈજનેર** | ડોર ટુ ડોર ગાર્બેજ કલકેશન તથા કામગીરી તથા નાયબ ઈજનેરશ્રી સોંપે તે ફરજો |
| ૭ | **ઝોનલ ઓફિસર** | વોર્ડમાં સફાઈ કામદાર તથા એસ.એસ.આઈ.ની ફરજોનું તથા કામગીરીનું સુપરવિઝન. તેમજ વોર્ડમાં સફાઈ તથા ગાર્બેજ કલેકશનનું સુપરવિઝન, વોર્ડના ન્યુસન્સ અંગેની તમામ ફરજો. |
| ૬ | **ક×ખ વિભાગ** | – કર્ન્ઝવન્શી લગત તમામ વાહનોનું મેઈનટેનન્સ તેમજ મૃત જાનવરો નિકાલ કામગીરી. જાહેર યુરિનલ તથા જાજરૂ સફાઈ સુપરવિઝન, રખડતા કૂતરાઓની ફરીયાદ નિકાલ કામગીરી |
| ૭ | **સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા કલેરીકલ સ્ટાફ કામગીરી** | શાખાની વહીવટી કામગીરી તથા રેકર્ડ નિભાવણી<br>– ઈન્વર્ડ આઉટ વર્ડ કામગીરી<br>– બીલ કલાર્ક, પ્રકરણ ફાઈલો તથા ટેન્ડર<br>– કચરા દૈનિક રીપોર્ટ સમરી, સ્ટેશનરી, ડમ્પીંગ રીલીવર<br>– સરકારી પત્રો, સંસદ સભ્ય/ધારાસભ્ય પત્રો, દૈનિક રીપોર્ટ |
| ૭ | **ડમ્પીંગ પોઈન્ટ કર્મચારી** | – ડમ્પીંગ ખાતે શહેરમાં ગાબેજ કલેકશન કરતા વાહનો ફેરા નોંધણી કામગીરી / રજીસ્ટર નિભાવવા. |
| ૮ | **સોલિડ વેસ્ટ ઈમરજન્સી ફરીયાદ** | – શહેરમાંથી ઓન લાઈન આવતી તમામ પ્રકારની ફરીયાદો નોંધવા તથા નિકાલ અંગેના રજીસ્ટરો નિભાવવા (દૈનિક બે શિફ્ટ) |
| ૯ | **વેટરનરી ડોકટર** | – ઢોર ડબા ખાતે પશુઓની ચકાસણી/સારવાર, સ્લોટર હાઉસ ખાતે પશુઓનું પ્રિમોર્ટમ અને પોસ્ટ મોર્ટમ કામગીરી, સરકારી પત્ર તથા અન્ય વ્યવહાર |

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ :**

જામનગર મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ધ્વારા એમ.એસ.ડબ્લયુ રૂલ્સ–૨૦૦૦ અન્વયે સફાઈને લગત આનુસાંગિક કામગીરી કરવામાં આવે છે. જેમાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ થાય છે.

(૧) શહેરના દરેક વોર્ડ વિસ્તારમાં સફાઈની કામગીરી

(૨) શહેરના દરેક વોર્ડમાંથી ઘન કચરા નિકાલ અંગેની કામગીરી

- અ. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કામગીરી
- બ. કચરાના ઓપન પોઈન્ટ ઉપરથી કચરો ઉપાડવાની કામગીરી
- ક. કલોઝ બોડી ગાર્બેજ કન્ટેઈનર ઉપાડવાની કામગીરી
- ડ. સીલ્વર બીન્સ ઉપાડવાની કામગીરી

(૩) પ્રિમોન્સુન અંતર્ગત શહેરના નાલા પુલિયા, કેનાલો વિગેરેની સફાઈ કામગીરી

(૪) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાને સ્ટ્રેન્ધનીંગ કરવા વાહનો / સાધનો ખરીદી

- અ. વ્હીલ બરોજ ખરીદી
- બ. રોડ સ્વીપર ખરીદી
- ક. ભુગર્ભ ગટર સફાઈ માટે સળીયા ખરીદી
- ડ. સીલ્વર બીન્સ તથા લીટર બીન્સ ખરીદી

(૫) પ્રાઈવેટ સેપ્ટીક ટેંક સફાઈ કામગીરી (આઉટ સોર્સીંગ)

(૬) પાવર બકેટ મશીનથી બોકસ ગટર સફાઈની કામગીરી

(૭) સ્ક્રીનીંગ ચેમ્બર સફાઈની કામગીરી.

ઉપરોકત તમામ કામગીરી અંતર્ગત એમ.એસ.ડબલ્યુ–૨૦૦૦ અન્વયે ઘન કચરા નિકાલની કામગીરી કરવામાં આવે છે.

## :: સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હસ્તક વાહનોનું લીસ્ટ ::

| | | | |
|---|---|---|---|
| (૧) | ટ્રેકટર કન્ટેઈનર કેરીયર | – | ૧ નંગ (કન્ટેઈનર ઉપાડવા માટે) |
| (૨) | ટ્રેકટર (લોબેડ ટ્રેઈલર) | – | ૧ નંગ (ઢોરોનો હાંકો) |
| (૩) | ડેડ એનીમલ રીકવરી વાન | – | ૨ નંગ (મૃત જાનવર) |
| (૪) | મેન્યુર લીફટર મશીન | – | ૨ નંગ |
| (૫) | યુરીનલ કલીનર (રીક્ષા) | – | ૧ નંગ (યુરીનલ સફાઈ માટે) |
| (૬) | જે.સી.બી. | – | ૨ નંગ |
| (૭) | ટ્રેકટર લોડર | – | ૧ નંગ |
| (૮) | મોબાઈલ ટોયલેટ | – | ૨ નંગ |
| (૯) | નાનું જેટીંગ મશીન | – | ૧ નંગ |
| (૧૦) | મોટુ જેટીંગ મશીન | – | ૧ નંગ |
| (૧૧) | ૧૨ ઘ.મી. કેપેસીટીના કોમ્પેકટર | – | ૩ નંગ (ગાર્બેજ કલેકશન ટ્રાન્સ્પોર્ટેશન માટે) |
| (૧૨) | ૬ ઘ.મી. કેપેસીટીના કોમ્પેકટર | – | ૪ નંગ (ગાર્બેજ કલેકશન ટ્રાન્સ્પોર્ટેશન માટે) |
| (૧૩) | મીની ટીપર | – | ૨૭ નંગ (ગાર્બેજ કલેકશન કલેકશન માટે) |
| (૧૪) | રોડ સ્વીપર મશીન | – | ૧ નંગ (શહેર મુખ્ય માર્ગોની સફાઈ) |

**કચરા નિકાલ માટેની વાહન વ્યવસ્થા (કોન્ટ્રાકટ પધ્ધતિ) :**

**(૧) વોર્ડ નં.૩, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૪ : કુલ–૭ વોર્ડ**

– પાર્ટીશ્રી પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વિસ

– ૨૭ મીની ટીપર

– ૭ કોમ્પેકટર

– ૧૯ કલોઝ બોડી ટ્રેકટર

– દૈનિક ટનેજ : સરેરાશ ૧૨૦ મે. ટન

**(૨) વોર્ડ નં.૧, ૨, ૪, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬ : કુલ–૯ વોર્ડ**

– પાર્ટીશ્રી દરબાર વેસ્ટ કોર્પોરેશન

– ૪૦ મીની ટીપર

– ૩ કોમ્પેકટર

– ૨૨ કલોઝ બોડી ટ્રેકટર

– દૈનિક ટનેજ : સરેરાશ ૧૩૦ મે. ટન

જામનગર મહાનગરપાલિકા ધ્વારા જામનગર શહેરને કુલ–૩ર ભાગમાં વિભાજીત કરી સફાઈની કામગીરી કરાવવામાં આવે છે. આ કામગીરી દરમ્યાન શહેરના જુદા જુદા વોર્ડમાં કલેકટ થતા ઘન કચરાને જામનગર મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ ગુલાબનગર ડમ્પીંગ સાઈટ ખાતે ડમ્પ કરવામાં આવે છે.

મ્યુનિસીપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–ર૦૦૦ તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નોર્મ્સનું ચૂસ્તપણે પાલન થાય અને શહેરમાં ઉત્પન્ન થતા ઘન કચરાનો સાયન્ટીફીકલી નિકાલ કરી શકાય તેવા હેતુસર જામનગર મહાનગરપાલિકા ધ્વારા આર.ડી.એફ. ટેકનોલોજી આધારિત " વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ" પાર્ટીશ્રી એબેલોન કલીન એનર્જી લી. જોડે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા આ પ્રોજેકટ અંતર્ગત ૧૭ એકર જમીન તથા શહેરમાંથી કલેકટ કરવામાં આવતો ર૫૦ મે. ટન ગાર્બેજ સાઈટ ઉપર પહોંચાડી આપવાનો રહે છે. જયારે એજન્સી ધ્વારા આ પ્રોજેકટ માટે રૂ.૭૫.૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા વેસ્ટ ટુ એનર્જી અંતર્ગત રીન્યુએબલ પાવર જનરેશન કરવામાં આવશે. આ પ્રોજેકટ શરૂ થવાથી હાલે જે ઓપન ડમ્પીંગ કરવામાં આવે છે તે બંધ થશે અને જેના કારણે એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી વાતાવરણ બનશે તથા જામનગર શહેરને સ્માર્ટ સીટી તરફ લઈ જઈ શકાશે. આ પ્રોજેકટનો કાર્યકાળ ૧૫ થી ર૦ વર્ષનો છે.

જામનગર શહેર વિસ્તાર ૧૩ર.૦ કિ.મી. જેમાં હાલે અંદાજે ૭.૫૦ થી લાખની વસ્તી ધરાવે છે. સમગ્ર શહેરને ર ઝોનમાં સફાઈની ર્દષ્ટિએ વિભાજીત કરવામાં આવેલ છે. દરેક ઝોનમાં ચીફ સેનીટરી ઈન્સ્પેકટર કક્ષાના ઝોનલ ઓફિસર ધ્વારા ત્રણથી ચાર વોર્ડનું જનરલ સુપરવિઝન કરવામાં આવે છે. શહેરના ૧૬ વોર્ડનું કુલ–૩ર પેટા વોર્ડમાં વિભાજન કરવામાં આવેલ છે. પેટા વોર્ડ દીઠ સેનીટરી સબ ઈન્સ્પેકટરનું સફાઈનું ડાયરેકટ સુપરવિઝન સફાઈ કામદારો ઉપર કરવામાં આવે છે.

**જામનગર મહાનગર સેવા સદન**

**જામનગર**

**:: વોર્ડ ઓફિસની માહિતી દર્શાવતુ પત્રક ::**

| ક્રમ | વોર્ડ નંબર | વોર્ડ ઓફિસ સરનામું |
|---|---|---|
| ૧ | ૧ | બેડી રોડ, નવા ઓવર બ્રિજ પાસે, એકડે એક બાપુની દરગાહ |
| ૨ | ૧/એ | બેડી પોર્ટ રોડ, વાછાણી મીલની બાજુમાં |
| ૩ | ૨ | ગાંધીનગર, માજોઠીનગર |
| ૪ | ૨/એ | એમ. પી. શાહ, ઉદ્યોગનગર, એસ.વી.ઈ.ટી કોલેજ પાસે |
| ૫ | ૩ | પટેલ કોલોની શેરી નં.૬ ના છેડે પી. એન્ડ. ટી. |
| ૬ | ૩/એ | હિંમતનગર, પથિક આશ્રમ બ્લડ બેંક સામે |
| ૭ | ૪ | રામેશ્વર રોડ, નવજીવનના પુલિયા સામે, જુનું પમ્પીંગ સ્ટેશન |
| ૮ | ૪/એ | કાંતીભાઈ ભંગારવાળાના ડેલા સામે, વિક્રમભાઈમાડમના ઘર પાસે |
| ૯ | ૫ | જોગર્સ પાર્ક, ક્રિષ્ના રાજ એપાર્ટમેન્ટ |
| ૧૦ | ૫/એ | સીવીક સેન્ટર, શરૂ સેકશન રોડ |
| ૧૧ | ૬ | વામ્બે આવાસ રોડ, મયુર નગર, ડો. આંબેડકર કોમ્યુનીટી હોલ |
| ૧૨ | ૬/એ | ડીફેન્સ કોલોની, વુલનમીલ ચાલી, શીવ મંદિરની સામે |
| ૧૩ | ૭ | મેહુલનગર, ૮૦ ફુટ રોડ, ટેલિફોન એક્ષચેન્જ પાછળ |
| ૧૪ | ૭/એ | સત્યમ કોલોની એરફોર્સ–૧ ના ગેટ પાસે |
| ૧૫ | ૮ | રણજીતનગર, સીવીક સેન્ટર, નેવીલ પાર્ક સામે |
| ૧૬ | ૮/એ | જી.આઈ.ડી.સી. ઉદ્યોગનગર મેલડી માતાના મંદિર પાસે |
| ૧૭ | ૯ | પી.એન. માર્ગ, જિલ્લા પંચાયત સામે |
| ૧૮ | ૯/એ | આંણદાબાવા ચકલો, તાલુકા શાળા પાસે |
| ૧૯ | ૧૦ | ત્રણ દરવાજા, કસ્ટમ હાઉસ પાછળ |
| ૨૦ | ૧૦/એ | ભોય વાડાનો ઢાળીયો, ધુંવાવ નાકા પાસે |
| ૨૧ | ૧૧ | દયાનંદ સોસાયટી કોમ્યુનીટી હોલમાં |
| ૨૨ | ૧૧/એ | દયાનંદ સોસાયટી કોમ્યુનીટી હોલમાં |
| ૨૩ | ૧૨ | કાલાવડ જકાત નાકા, મટન માર્કેટ પાછળ |
| ૨૪ | ૧૨/એ | દરબાર ગઢ, દાજી બાપુની શેરી, વોર્ડ ઓફિસ |
| ૨૫ | ૧૩ | પવનચકકી, સીંધી સ્કૂલ પાસે |
| ૨૬ | ૧૩/એ | ન્યુ સ્કૂલના ખુણા પાસે, નહેરૂ કાંઠે |
| ૨૭ | ૧૪ | સિધ્ધાર્થ શોપીંગ સેન્ટર પાસે, ઝોલી બંગલા, સુમેર કલબ રોડ |
| ૨૮ | ૧૪/એ | પ્રણામી સ્કૂલ સામે, હીરજી મિસ્ત્રી રોડ |
| ૨૯ | ૧૫ | શંકર ટેકરી પાણીનો ટાંકો |
| ૩૦ | ૧૫/એ | દિ. પ્લોટ ૪૯, કામદાર કલ્યાણ કેન્દ્ર પાસે |
| ૩૧ | ૧૬ | ક્રિષ્ના પાર્ક સોસાયટીના ખુણે, ઘાંચી કબ્રસ્તાનની સામે |
| ૩૨ | ૧૬/એ | રણજીત સાગર રોડ, પમ્પ હાઉસ સામે, જુના જકાતનાકા સામે |

**શેરી સફાઈના ધોરણો :**

- હાઈ ડેન્સીટી એરીયા : ૨૫૦ થી ૩૫૦ રનીંગ મીટર રોડ લંબાઈ પ્રતિ સફાઈ કામદાર
- મીડીયમ ડેન્સીટી એરીયાઃ ૪૦૦ થી ૬૦૦ રનીંગ મીટર રોડ લંબાઈ પ્રતિ સફાઈ કામદાર
- લો ડેન્સીટી એરીયા : ૬૫૦ થી ૭૫૦ રનીંગ મીટર રોડ લંબાઈ પ્રતિ સફાઈ કામદાર

**નોંધ :** એમ.એસ.ડબલ્યુ રૂલ્સ–૨૦૦૦ મુજબ સફાઈની સફાઈ કામગીરી ઉપર મુજબ સવારના ભાગમાં કરાવવામાં આવે છે. જયારે બપોર બાદ જરૂરીયા વાળા પડતર વિસ્તારો વિગેરેની સફાઈ કરાવવામાં આવે છે. તેમજ શહેરના મુખ્ય માર્ગો કે જેમાં કોમર્શિયલ વિસ્તારોનો સમાવેશ થતો હોય ત્યાં સવાર તથા બપોર એમ બે વખત સફાઈ કરાવવામાં આવે છે.

**ગટર સફાઈના ધોરણો :**

- ૨૪" કે તેથી ઓછી ઉંડાઈ ધરાવતી ઓપન ગટરની સફાઈ માટે ૫૦૦ રનીંગ મીટર લંબાઈ પ્રતિ સફાઈ કામદાર હોય છે અને જેમાં ઓપન ગટરમાંથી કચરો ઓછો થતો જાય તેમ તેમ ગટરની લંબાઈ ૧૬૦૦ રનીંગ મીટર સુધી વધારી શકાય છે.

**કામકાજ દિવસ :**

- વર્ષ ના ૩૬૫ દિવસ દરમ્યાન સફાઈ કરાવવામાં આવે છે.
- સવારે : ૭–૦૦ થી ૧૧–૦૦ દરમ્યાન
- બપોરે : ૩–૦૦ થી ૬–૦૦ દરમ્યાન

(રવીવાર તથા બુધવારના બપોર બાદ વીકલી ઓફ આપવામાં આવે છે.)

# કચરાના પ્રકાર

- શેરી સફાઈ કચરો : સફાઈ કામદારો ધ્વારા રોડ, રસ્તા, શેરીઓની સફાઈ તેમજ ઓપન ગટરની સફાઈ બાદનો એકઠો થતો કચરો વ્હીલ બરોજ મારફત કલેકટ કરી નિયત કન્ટેનરમાં હંગામી ધોરણે સ્ટોરેજ કરવામાં આવે છે.

- હોટલ વેસ્ટ / મેરેજ હોલ / જ્ઞાતિ વાડી વેસ્ટ : દરેક હોટલમાં અને જ્ઞાતિની વાડીઓમાં ખાદ્ય પદાર્થો અને વેજીટેબલ વેસ્ટનો જથ્થો વિશાળ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ વેસ્ટના નિકાલની જવાબદારી હોટલ કે જ્ઞાતિની વાડીની રહે છે.

- બાયો મેડીકલ વેસ્ટ : દરેક હોસ્પિટલ, કલીનિક, દવાખાનાઓ, નર્સીગ હોમ્સમાં આ પ્રકારનો કચરો ઉત્પન્ન થાય છે. મેડીકલ વેસ્ટ ખુબ જ જોખમી હોય, આ વેસ્ટને મ્યુનિ. વેસ્ટમાં ભળે નહી તે રીતે બાયો મેડીકલ રૂલ્સ–૧૯૯૯ મુજબ પ્રાઈવેટ એજન્સી દેવ બાયોમેડીકલ મેનેજમેન્ટ સર્વિસ ધ્વારા નિકાલ કરવામાં આવે છે.

- ગાર્ડન વેસ્ટ : આ પ્રકારનો વેસ્ટ બાયો ડીગ્રેડેબલ હોય, બને ત્યાં સુધી ઓન સાઈટ કમ્પોસ્ટીંગની વ્યવસ્થા કરવાની થાય છે.

- બાંધકામ વેસ્ટ : આ પ્રકારનો વેસ્ટ રીપેરીંગ, મેઈનટેનન્સ કે બાંધકામની પ્રવૃતિ દરમ્યાન ઉત્પન્ન થાય છે. આ વેસ્ટના નિકાલ માટેની વ્યવસ્થા અલગથી કરવાની થાય છે અને અન્ય કચરા સાથે ભળી જાય નહી તે રીતે નિકાલ કરવામાં આવે છે. આ કચરાના નિકાલની જવાબદારી જે તે કોન્ટ્રાકટરની હોય છે અને આ માટે અલગથી વાહન ફાળવવામાં આવે છે.

- સ્લોટર હાઉસ / વેજીટેબલ વેસ્ટ : કતલખાના વેસ્ટનો નિયત પધ્ધતિથી નિકાલ કરવાનો હોય છે તથા શાક માર્કેટ વેસ્ટ નિકાલ માટે ચોકકસ પ્રકારની વ્યવસ્થા કરવાની રહે છે. જેમ કે વેજીટેબલ માર્કેટ પાસે મોટા કન્ટેનર મુકવામાં આવેલા છે.

## શાખાની કાર્યપધ્ધતિ

- શાખા દ્વારા કરવાના થતા કામોનું સ્થળ તપાસ કરી અંદાજો બનાવી ટેકનીકલ સેકશન મેળવી બજેટમાં નાણાંકીય જોગવાઈ અનુસાર જુદા–જુદા કામો માટે સ્પર્ધાત્મક રીતે ભાવો આવે તે માટે ઈ–ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઈન ટેન્ડર જાહેરાત આપી ભાવો માંગવામાં આવે છે.
- આવેલ ભાવો તથા ટેન્ડર પ્રકરણનું પ્રિ–ઓડીટ કરાવવામાં આવે છે. આવેલ ભાવોનું જરૂરી જણાયે નેગોશીએશન કરવામાં આવે છે.
- આવેલ ભાવોનું ખર્ચ અને ટેન્ડર મંજુરી અર્થે સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ દરખાસ્ત કરવામાં આવે છે. સ્ટેન્ડીંગ કમિટી ઠરાવને વહીવટી મંજુરી મેળવી કોન્ટ્રાકટરને ઈન્ટીમેશન આપી, સીકયોરીટી ડીપોઝીટ ભર્યા બાદ એગ્રીમેન્ટ કરાર કરાવવામાં આવે છે.
- વર્ક ઓર્ડર આપી કામ ચાલુ કરવામાં આવે છે. જે ચાલુ કામોનો શાખાના તાંત્રીક કર્મચારીઓ દ્વારા ટેન્ડર સ્પેશીફીકેશન તથા શરતો અનુસાર દરેક કામનું સુપરવિઝનની કામગીરી કરવામાં આવે છે.
- દરેક થયેલ કામના મેઝરમેન્ટ લઈ બિલો બનાવી ઓડીટ ચકાસણી કરાવી થયેલ કામનું પેમેન્ટ એકાઉન્ટ શાખા દ્વારા કરવામાં આવે છે.
- કામ પુર્ણ થયેથી ફાઈનલ બિલ ઓડીટ ચકાસણી થયેથી કોન્ટ્રાકટરને નિયમોનુસાર સીકયોરીટી ડીપોઝીટ વિગેરે પરત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ધ્વારા કરવામાં આવતી કામગીરી

## ➢ સફાઈ લગત કામગીરી

- જામનગર મહાનગરપાલિકા હદ વિસ્તારની તમામ સફાઈ કામગીરી.
- શહેર વિસ્તારની ઓપન ગટર, મેઈન ગટર, બોકસ ગટરની સફાઈની કામગીરી.
- જામનગર શહેરની શેરી, રસ્તાઓ ગટરો વિગેરેમાંથી નિકળતો કચરો એકઠો કરી નજીકના ઓપન પોઈન્ટ કે નકકી કરેલ જગ્યાઓ ઉપર રાખવામાં આવેલ કન્ટેઈનરો/બીન્સ સુધી નિકાલ કરવામાં આવે છે.
- ઓપન પોઈન્ટ તથા કચરાના કન્ટેઈનરમાં એકત્ર થયેલ કચરો નિયત થયેલ ડમ્પીંગ સાઈટ સુધી જુદા જુદા વાહનો મારફત નિકાલ કરવામાં આવે છે.
- મીની ટીપર, કોમ્પેકટરો તથા ટ્રેકટર વીથ ટ્રોલી કે છકડા રીક્ષા મારફત કચરા નિકાલની કામગીરી કરવામાં આવે છે.
- સીલ્વર બીન્સ તથા એમ.એસ. કન્ટેઈનરોમાં એકઠો થયેલ કચરો ટ્રેકટર ડ્રોન કન્ટેઈનર કેરીયર તેમજ ટાટા ડમ્પર પ્લેસર મારફત નિકાલ કરવામાં આવે છે.

## ➢ રખડતા ભટકતા પશુઓ બાબત.

- શહેરમાં રખડતા ભટકતા પશુઓ પકડીને જામનગર મહાનગરપાલિકા હસ્તકના બેડેશ્વર તથા રણજીત સાગર ઢોર ડબા ખાતે રાખવામાં આવે છે. ઢોર માલિક ધ્વારા મુકિત માટે અરજી કરે તો ધોરણસરનો ચાર્જ / દંડ વસુલાત કરી છોડવામાં આવે છે. અન્યથા બાકીના ઢોર ને સમયાંતરે અલગ અલગ પાંજરાપોળ/ટ્રસ્ટ ખાતે ધોરણસરનું અનુદાન ચુકવીને ટ્રાન્સ્પોર્ટ કરવામાં આવે છે.
- શહેરમાં રખડતા ભટકતા કૂતરાઓને પકડીને તેઓનું ખસીકરણ કામગીરી કરવામાં આવે છે. છેલ્લા એક વર્ષ દરમ્યાન ૫૦૦૦ જેટલા કૂતરાઓનું ખસીકરણ કરવામાં આવેલ છે.

## ➢ મૃત જાનવરો/ પશુઓના નિકાલ બાબત.

- શહેરમાંથી આવતી મૃત જાનવરો/પશુઓની ફરીયાદો અન્વયે શાખાના ડેડ એનીમલ રીકવરી વાહન મારફત ઉપાડી, નિયત થયેલ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવે છે, ત્યારબાદ જે.સી.બી. મારફત ખાડો કરી, મૃત જાનવરોને તેમાં દાટી, મીઠાનો છંટકાવ કરી માટીનું પુરાણ કરી નિકાલ કરવામાં આવે છે.

## ➢ ન્યુસન્સ લગત કામગીરી

- શહેરના રહેણાંક, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ એસ્ટાબ્લીશમેન્ટો ધ્વારા જાહેરમાં ન્યુસન્સ કરતા જણાય તો આવા આસામીઓ સામે નિયત થયેલ વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવે છે અને આ છતાં આ પ્રકારની પ્રવૃતિઓ વારંવાર ચાલુ રાખે તો તેઓ સામે બી.પી.એમ.સી. એકટની જોગવાઈઓ મુજબ મુદતબંધી ન્યુસન્સ નોટીસ ઈશ્યુ કરી, ધોરણસરની કાર્યવાહી કરવામાં આવે છે.
- રાજય સરકાર ધ્વારા તમામ શહેરોમાં મોબાઈલ સેનીટેશન કોર્ટ શરૂ કરવાનો આદેશ કરેલ છે. જે અનુસંધાને જામનગર મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૯/૨૦૧૬ થી શહેરમાં "મોબાઈલ કોર્ટ" ની શરૂઆત કરવામાં આવેલ હોય, જે અન્વયે સોલિડ વેસ્ટ શાખાના એસ.આઈ/એસ.એસ.આઈ મારફત શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારોમાં જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓ / ધંધાર્થીઓ સામે મોબાઈલ કોર્ટના જજશ્રી ધ્વારા સ્થાનિકે જ દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

## ➢ બાયો મેડીકલ વેસ્ટ :

- શહેરની ખાનગી હોસ્પિટલો, કલીનિક, દવાખાનાઓ, લેબોરેટરીઓ, નર્સીગ હોમ્સ વિગેરેમાંથી નિકળતા બાયો મેડીકલ વેસ્ટનો પાર્ટીશ્રી દેવ બાયો મેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસ મારફત બાયો મેડીકલ હેન્ડલીંગ રૂલ્સ–૧૯૯૯ મુજબ નિકાલ કરવામાં આવે છે. જેનું અત્રેની શાખા ધ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે, જેમાં કોઈ ક્ષતિઓ જણાય તો તેઓ પાસેથી ધોરણસરનો વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવે છે.

- **કન્ઝર્વન્શી વિભાગ (ક×ખ વિભાગ)**
  - સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હસ્તકના વાહનો દૈનિક રીતે જરૂરીયાત વાળી જગ્યાઓ ઉપર મોકલવાના થતા હોય, જેમાં બેકહો લોડર, ટ્રેક્ટર લોડર, કૂતરા ગાડી, છકડા રીક્ષા, ટ્રેકટરો કન્ટેઈનર કેરીયર વિગેરે વાહનોનો સમાવેશ થાય છે. આ તમામ વાહનોની મેઈનટેનન્સની કામગીરી આઉટ સોર્સીગથી કરાવવામાં આવે છે.

- **અન્ય કામગીરી**
  - શહેરમાં આવેલ વરસાદી પાણીના નિકાલની તમામ કેનાલોની સફાઈ દર વર્ષે ચોમાસાની સિઝન પહેલા પ્રિમોન્સુન / પોસ્ટ મોન્સુન સફાઈ કામગીરી અંતર્ગત શાખા ધ્વારા કરાવવામાં આવે છે.
  - શહેરમાં આવતી મેઈન ગટર / બોક્સ ગટર વિગેરેની વાર્ષિક ધોરણે જરૂરીયાત મુજબ સફાઈ કરાવવામાં આવે છે.
  - શહેરની ખાનગી / જાહેર સેપ્ટીક ટેંક સફાઈ માટે આઉટ સોર્સીગ પધ્ધતિથી શેસપુલ મશીન મારફત કામગીરી કરાવવામાં આવે છે.
  - જુદા જુદા તહેવારો નિમિતે શહેરના મુખ્ય માર્ગો ઉપર રાત્રી દરમ્યાન પણ સફાઈ કામગીરી કરાવવામાં આવે છે.

# પબ્લીક, સભ્યશ્રી તથા સંસ્થાઓ વિગેરે ધ્વારા કરવામાં આવતી ફરીયાદો અને તેના નિકાલ અંગે

- કમ્પલેઈન કોલ સેન્ટર મારફત શાખામાં આવતી ફરીયાદો, લેખિત ફરીયાદો કે ટેલિફોનિક ફરીયાદો લગત વોર્ડના એસ.એસ.આઈ. ને નિકાલ અર્થે આપવામાં આવે છે. તમામ ફરીયાદોના નિકાલ માટે દરેક સ્તરે સંકલન કરી ફરીયાદ નિકાલ કરવામાં આવે છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં આવા પ્રકારની ફરીયાદો મુખ્યત્વે કોલ સેન્ટરમાંથી સોલિડ વેસ્ટ ઈમરજન્સીમાં ટેલિફોનિક રીતે, લેખિત અરજીઓ ધ્વારા આવે છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

➢ **<u>સફાઈ લગત ફરીયાદો નિકાલ પધ્ધતિ</u> :**

કમ્પલેઈન કોલ સેન્ટરમાંથી આવતી ઓન લાઈન ફરીયાદો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા **"ઈમરજન્સી ફરીયાદ વિભાગ"** માં વોર્ડ વાઈઝ નિભાવવામાં આવતા રજીસ્ટરોમાં નોંધ કરીને જે તે લગત વોર્ડના એસ.એસ.આઈ.ને નિકાલ અર્થે આપવામાં આવે છે. ત્યારબાદ જે તે એસ.એસ.આઈ. ધ્વારા ફરીયાદ અનુસંધાનેની કામગીરી કરાવી ફરીયાદ જમા કરાવ્યા બાદ રજીસ્ટરે નોંધ કરીને ફરીયાદનો ઓન લાઈન અંતિમ નિકાલ કરવામાં આવે છે.

➢ **<u>મૃત જાનવરો નિકાલ પધ્ધતિ</u> :**

કમ્પલેઈન કોલ સેન્ટરમાંથી આવતી ઓન લાઈન ફરીયાદો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ઈમરજન્સી ફરીયાદ વિભાગના મૃત જાનવરો/પશુઓના નિભાવવામાં આવતા રજીસ્ટરોમાં નોંધ કરીને, જે તે શિફટના ફરજ પરના કર્મચારીને ફીલ્ડમાં જતા પહેલા નિકાલ કરવા આપવામાં આવે છે. ઉપરાંત  ફીલ્ડ ઉપર ગયેલ કર્મચારી સાથે ટેલિફોનિક સંકલન કરીને પણ તાત્કાલિક ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે. નિકાલ કરેલ ફરીયાદ જમા કરાવ્યા બાદ રજીસ્ટરે નોંધ કરીને ફરીયાદનો ઓન લાઈન અંતિમ નિકાલ કરવામાં આવે છે.

- **<u>પશુ / ઢોર/ કૂતરા પકડવાની ફરીયાદ</u> :**

કોલ સેન્ટરમાંથી આવતી ઓન લાઈન ફરીયાદો / અન્ય રીતે આવતી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ઈમરજન્સી ફરીયાદો ઢોર ડબાના શિફ્ટ વાઈઝ કર્મચારીઓને આપી, ફરીયાદ નિકાલ થયે, જમા કરાવ્યા બાદ રજીસ્ટરે નોંધ કરીને ફરીયાદનો ઓન લાઈન અંતિમ નિકાલ કરવામાં આવે છે.

- **<u>ડોર ટુ ડોર / ડોર સ્ટેપ ગાર્બેજ કલેકશન લગત ફરીયાદ</u> :**

ડોર ટુ ડોર / ડોર સ્ટેપ ગાર્બેજ કલેકશન કામગીરી અન્વયે વોર્ડમાં આવતી ફરીયાદો માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ઈમરજન્સી વિભાગમાં પાર્ટી ધ્વારા રાખવામાં આવેલ સુપરવાઈઝર ધ્વારા જે તે વોર્ડના સુપરવાઈઝરને ડાયરેકટ સંપર્ક કરી નિકાલ કરાવવામાં આવે છે. વધુમાં કોલ સેન્ટરમાંથી આવતી ઓન લાઈન ફરીયાદો સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ફરીયાદ નિકાલ પધ્ધતિ મુજબ પાર્ટી ધ્વારા નિકાલ કરાવવામાં આવે છે.